ગાંધીનગર સમાચાર

તા. ૨૬-૧-૨૦૧૨, શનિવાર

## તંત્રી સ્થાનેથી.....

### ઝંડા ઊંચા રહે હમારા

ત્રેંસઠ વર્ષ પૂર્વે ભારતનું રાજય બંધારણ અમલી બન્યું તે દિવસ આપણા રાષ્ટ્રીય પર્વ તરીકે - પ્રજાસત્તાક દિન તરીકે ઊજવાતો રહ્યો છે. આપણી નવી પેઢીને સ્વાતંત્ર્ય દિન અને પ્રજાસત્તાક દિન વચ્ચેના તફાવતની પણ ખબર હશે કે કેમ એ પ્રશ્ન છે. વર્ષો પહેલાં લાહોરમાં રાવી કિનારે મળેલાં કોંગ્રેસના અધિવેશનમાં 'મુક્કમલ આઝાદી - સંપૂર્ણ સ્વતંત્રતા' નો ઠરાવ પંડિત નહેરૂના અધ્યક્ષપદે રજૂ થયેલો ત્યારે પણ યોગાનુયોગ છવ્વીસમી જાન્યુઆરીનો જ દિવસ હતો. પંદરમી ઓગસ્ટ અને છવ્વીમસી જાન્યુઆરી - બંને આપણા રાષ્ટ્રીય તહેવારો છે. પરંતુ કોણ જાણે કેમ, એક પ્રજા તરીકે આટલાં વર્ષો પછી પણ આપણામાં એવો કોઈ 'રાષ્ટ્રવાદ' પ્રગટવો બાકી જ છે. આપણે જે ઉમંગ અને ઉત્સાહથી દિવાળી, હોળી-ધુળેટી, જન્માષ્ટમી કે ઈદ અને નાતાલ, બેસતું વર્ષ જેવા તહેવારો ઊજવીએ છીએ, એની સરખામણીએ આપણને આ રાષ્ટ્રીય તહેવારો કેવળ સરકારી કર્મકાંડ બની રહેલા લાગે છે.

છવ્વીસમી જાન્યુઆરી દર વર્ષે આવે છે, રજા પડે છે, શાળા કૉલેજ અને સરકારી પ્રતિષ્ઠાનોમાં ધ્વજવંદન થાય છે અને વાત પૂરી થઈ જાય છે. આવી છવ્વીસમીઓ પૈકીની ૨૦૦૧ની છવ્વીસમી જરા જુદી રીતે યાદગાર બની રહી હતી. તે દિવસે ધ્વજવંદન સમયે જ વિકરાળ ભૂકંપ આવ્યો હતો. ગાંધીનગરના હેલીપેડ પર તત્કાલીન રાજયપાલશ્રી ધ્વજ ફરકાવવાની તૈયારી કરી રહ્યાં હતા. પાસે મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલ બિરાજમાન હતા ત્યાં ઓચિંતી ધરતી ધ્રૂજવા લાગી હતી. એ ભૂકંપે સમયાંતરે કેશુબાપાની ખુરશી ડોલાવી દીધી હતી, તે ઈતિહાસ જાણીતો છે. વર્તમાન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સુકાન સંભાળતાંની સાથે ધ્વજવંદનની સ્થાપિત પરંપરાને ધરમૂળમાંથી બદલી નાખીને જિલ્લા મથકોએ ધ્વજવંદન કરવાની નવી પ્રથા શરૂ કરી છે. એથી એમને ભારે લોકાદર પણ સાંપડ્યો છે. મુખ્યમંત્રીશ્રીની સલાહ મુજબ રાજયપાલશ્રીને પણ જુદા જુદા જિલ્લા મથકોએ ધ્વજવંદન કરવા દોરવાવું પડે છે. આ વખતે ગુજરાતના સૌથી છેલ્લા કે છેવાડા એવા ડાંગ જિલ્લાના મુખ્યમથક આહવામાં અધિકૃત પ્રજાસત્તાક પર્વ ઊજવાશે. વળી, મુખ્યમંત્રીશ્રીએ ચૂંટણી પૂર્વે જાહેર કરેલા નવા જિલ્લાઓ અને તાલુકાઓ પણ અધિકૃત રીતે અસ્તિત્વમાં આવશે. પ્રજાને બંધારણ દ્વારા સાચી સત્તા મળી છે તે દિવસે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, રાષ્ટ્ર નિર્માતા પં. જવાહરલાલ નહેરૂ તથા સરદાર પટેલ, 'જય હિંદ'નું અમર સૂત્ર આપનારા સુભાષચંદ્ર બોઝ, અને વિશેષપણે બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરને કૃતજ્ઞ રાષ્ટ્ર ભાવપૂર્વક યાદ કરાશે અને આઝાદીના પ્રતીક સમાન રાષ્ટ્રધ્વજને સલામી અપાશે. પાડોશી દેશની આડોડાઈ ઉપરાંત દેશની પ્રજાને પજવતી વિવિધ સમસ્યાઓ સામે પડકાર ઝીલી વિશ્વનાયક બનવાની નૅમ પાર પાડવા સૌ સંકલ્પબધ્ધ થઈએ, એ જ અભ્યર્થના. હૅપી રિપબ્લિકન ડે! 'નહીં નમશે, નહીં નમશે

નિશાન ભૂમિ ભારતનું...'

- ઝંડા ઊંચા રહે હમારા!

## સરસ્વતી શિશુ મંદિરમાં આનંદમેળાની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૫

શ્રી સરસ્વતી શિશુમંદિર સેકટર-૧૭માં બાળકોને વ્યવસાયિક જ્ઞાનનું નિર્માણ થાય તે હેતુસર આનંદમેળાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બાળકોએ વિવિધ પ્રકારના સ્ટોલ બનાવીને કમાણી કેમ કરી શકાય તેવી રમતો બનાવી હતી. આનંદમેળામાં વાલીઓ, નાગરિકો અને શાળા પરિવારે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

## આઈ.ટી.આઈ. દ્વારા હોટલ મેનેજમેન્ટના તાલીમવર્ગ શરૂ થશે

ગાંધીનગર, તા. ૨૫

ઔદ્યોગિક તાલીમ સંસ્થા સેકટર-૧૫ ગાંધીનગર ખાતે હોટલ મેનેજમેન્ટના ટૂંકાગાળાના વ્યવસાયોનો અભ્યાસક્રમ તા. ૧ ફેબ્રુઆરીથી શરૂ થનાર છે. ફુડ પ્રોડકશન, ફુડ એન્ડ બેવરેજીસ, હાઉસકીપરનો છ માસનો અભ્યાસક્રમ છે. પ્રવેશ મેળવવા માટે આચાર્ય ઔદ્યોગિક તાલીમ સંસ્થાનો સંપર્ક સાધવો.

## ગજાનન સેવા સમિતિ દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ



ખેડબ્રહ્મા, તા. ૨૫

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠલ ખેડબ્રહ્મા તાલુકાના ખેરોજ પાસે લાંબડીયા ગામની પારસ માધ્યમિક શાળા તથા વનવાસી આશ્રમશાળાના કુલ ૧૧૨૭ બાળકોને ગુરૂવારના રોજ તપાસી દવા આપી હતી. માધ્યમિક શાળાના પરિવાર દ્વારા સુંદર વ્યવસ્થાના કારણે સફળ થયેલ કાર્યમાં ગાંધીનગરનાં ડૉ. બળદેવ પટેલ, ડૉ. જયંત તટ્ટ, ડૉ. અતુલ પંડ્યા, ડૉ. પલક આહિર, હતા. સૂત્રપાડા, વેરાવળની ૧૧ પ્રાથમિક શાળાનાં ૨૫૨૬ વિદ્યાર્થીને ડૉ. વિતાણીયા એ ચકાસ્યા હતા.

સમિતિના પ્રમુખ શ્રી મિલિન્દ્રભાઈ ગુપ્તે વિલેશ મોરે, ગોપાલભાઈ સાથે હતા. આ મહિનામાં ૧૩૧ શાળાઓનાં ૧૭૪૨૮ વિદ્યાર્થીઓને આવરી લીધાં છે.

## ઉત્તર ગુજરાતના ઐતિહાસિક સ્થળોને ચિત્રોમાં કંડારતી ચૌધરી સ્કુલની વિદ્યાર્થીનીઓ

ગાંધીનગર, તા. ૨૫

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય તરફથી ચિત્ર વિષયના વિદ્યાર્થીનીઓ અને શિક્ષિકાઓએ બહુચરાજી, સૂર્યમંદિર મોઢેરા, રાણકી વાવ, સહસ્ત્રલિંગ તળાવ, પટોળા ઉદ્યોગ પાટણ, રૂદ્ર મુદ્રાલય સિદ્ધપુર, તાનારીરીની સમાધિ વડનગર, કીર્તિ તોરણ, શર્મિષ્ઠા તળાવની મુલાકાત લઈ આ ઐતિહાસિક સ્થળોનું ચિત્રશૈલી નિહાળીને કંડારી હતી. આચાર્યા સંતોકબેન ચૌધરીએ અભિનંદન આપ્યા હતા.

## રાંધેજા વિદ્યાપીઠમાં સર્વ રોગ શિબિર ચોથીએ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

સ્વ. જે. જે. બજાજ નિર્સોગ પચાર કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે ઓબેસીટી દમ આર્થરાઈટીસ (વા) પેટના રોગો મણકાની તકલીફ તથા ચામડીના રોગો જેવા હઠીલા રોગોની સારવાર કુદરતી ઉપચાર દ્વારા કરવાના આશય રૂપે તા. ૪ થી ૧૦ ફેબ્રુઆરી દરમ્યાન સર્વ રોગ શિબિરનું આયજન કરવામાં આવેલ છે. શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ ૭૯-૨૩૯૭૬૭૧૮, મો. નં. ૯૪૨૭૫ ૨૧૩૭૭૫ર સંપર્ક કરવા જણાવેલ છે.

## અંગ્રેજી માધ્યમના બાળકો દ્વારા હનુમંત આરાધના કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતમાં સૌ પ્રથમવાર અંગ્રેજી માધ્યમના અને સાતથી તેર વર્ષની ઉંમરના બાળકો દ્વારા હનુમંત આરાધના કાર્યક્રમ તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી-૨૦૧૩ને સાંજે ૬ કલાકે દેશી લોહાણા વિદ્યાર્થીભવન, વિભાગ-૧, કાંકરિયા, મણિનગર, અમદાવાદ ખાતે યોજાશે.

પ.પૂ. સંતશ્રી રમેશભાઈ ઓઝા તથા સંતોની વિશેષ ઉપસ્થિતિમાં સાત થી તેર વર્ષની વયના અંગ્રેજી માધ્યમના ચાર બાળકો મહર્ષિ, વેદાત, પાર્થ અને નારાયણ દ્વારા હનુમંત આરાધનાનો સંકીતમય કાર્યક્રમ યોજાશે. જેમાં હનુમાન ચાલીસા, કાકભૂસંડી રામાયણ તથા અત્રિ ઋષિ દ્વારા કરેલ સ્તુતિનું સંગીતમય ગાન આ બાળકો કરશે. જેનો સૌ નગરજનો લાભ લેશે.

## વિજ્ઞાન કોલેજના વિદ્યાર્થીઓએ શિક્ષણ સાથે સેવાની કેડી કંડારી

### સે. ૧૫ વિજ્ઞાન કોલેજના સ્ટુડન્ટ્સ કેન્ટીન ડે અન્વયે એકત્રિત કરેલી રકમ અંધજનો માટે ઉપયોગ કરશે

ગાંધીનગર, તા. ૨૫

સે. ૧૫ સ્થિત સરકારી વિજ્ઞાન કોલેજના વિદ્યાર્થીઓએ ભણતરની સાથે સમાજ સેવાનો નવતર અભિગમ અપનાવ્યો છે. વિવિધ ડે ની ઉજવણીના અંતે એકત્રિત થતી રકમ જરૂરિયાતમંદોને પહોંચાડવાનું ઉમદા અભિયાન હાથ ધરાયું છે. શિક્ષણની સાથે સેવાની નવી કેડી કંડારતા કોલેજીયનો અનોખી પ્રેરણા પુરી પાડી છે.

કોલેજ કલ્ચરમાં વિવિધ ડે ની ઉજવણીનો વિશેષ ક્રેઝ જોવા મળે છે. કોલેજના વિદ્યાર્થીઓ પણ ડે ની ઉજવણીને લઈ ભારે ઉત્સુક હોય છે ત્યારે કોલેજ કેમ્પસમાં ઉજવાતા ડે સેલિબ્રેશનને લઈ સે. ૧૫ સ્થિત સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓએ સમાજ ઉપયોગી રાહ અપનાવી છે. કોલેજના વિદ્યાર્થીઓએ 'કેન્ટીન ડે'ની ઉજવણી કરી હતી. આ દરમિયાન ખાનગી સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ વિવિધ વાનગીના ૨૭ જેટલા કાઉન્ટર બનાવ્યા હતા. જ્યારે વિવિધ ખાદ્ય વાનગીઓના સ્ટોલ્સ પર વેચાણ પણ કર્યુ હતું. એફ.વાય.બી.એસ.સી.ને લઈ ત્રીજા વર્ષ સુધીના ૮૦૦ જેટલા સ્ટુડન્ટે તેમાં ભાગ લીધો હતો. વિવિધ સ્ટોલ્સના અંતે વિદ્યાર્થીઓ એકત્રિત કરેલી રૂ. ૧૨,૫૦૦ જેટલી રકમ અંધજન મંડળને આપવાનો નિર્ણય લેવાયો છે. ગત વર્ષ દરમિયાન પણ કેન્ટીન ડે અન્વયે થયેલી આવકની રકમમાંથી અનાથ પાત્રોને જરૂરી ચીજવસ્તુઓ ખરીદીને આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને આ ઉમદા કાર્યમાં વિદ્યાર્થી પ્રતિનિધિ સંસ્થાના ચેરમેન ડૉ. તારક ઠક્કર, આચાર્યા કુમારી પી.એ. વાઢેર પ્રોત્સાહકબળ પુરુ પાડ્યું હતું.



## સોળ ગામ લેઉઆ પાટીદાર સમાજ વિદ્યોત્તેજક મંડળનો કારકિર્દી માર્ગદર્શન સેમિનાર સંપન્ન

ગાંધીનગર, તા. ૨૫

ધર્મજ મુકામે સોળ ગામ લેઉઆ પાટીદાર સમાજ (જલસણ) વિદ્યોત્તેજક મંડળના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨નો કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ પી.એમ. પરમાર અને જિલ્લા શિક્ષણાધિકારી કમલેશ પટેલ ખાસ હાજર રહ્યા હતા અને રોજગાર ક્ષેત્રે ઉપલબ્ધ રોજગારીની જરૂરી માહિતિ આપી હતી.

સોળ ગામ લેઉઆ પાટીદાર સમાજ (જલસણ) વિદ્યોત્તેજક મંડળનો ધો. ૧૦ અને ૧૨ પછી શું? નો બાળકો માટે ઉજ્જવળ કારકિર્દી માર્ગદર્શન સેમિનાર ધર્મજ મુકામે સમાજની વાડી 'શિક્ષણ સંસ્કાર વૃંદાવન' ખાતે યોજાઈ ગયો. સેમિનારના ઉદ્ઘાટન કરતાં 'ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણબોર્ડના સચિવ પી.એમ. પરમારે જણાવ્યું હતું કે બાળકોના ઝગમગતા જીવન માટે અભ્યાસક્રમોએ નવી ક્ષિતિજો ખોલી છે. બોર્ડ પણ આ બાબતે જાગૃત છે અને વિદ્યાર્થીઓને સારૂ ગુણવત્તાવાળુ શિક્ષણ મળે તેમજ પરીક્ષા સમયે નિશ્ચિત થઈને શાંતચિત્તે પરીક્ષા આપે તેવી અપીલ કરી હતી. મુખ્ય મહેમાન જિલ્લા શિક્ષણાધિકારી કમલેશ પટેલ પરંપરાગત શિક્ષણને આધુનિક પરિપેક્ષમાં મુલવણી કરી વિદ્યાર્થીઓને પોતાનો સુયોગ્ય માર્ગ કંડારવા અનુરોધ કર્યો હતો. શાળાના સારુ શિક્ષણ મળે તે માટે આચાર્ય અને શિક્ષકોને સમયને અનુરૂપ ગુણવત્તાવાળુ શિક્ષણ, માહિતી અને જ્ઞાન મળે તે પર ભાર મૂક્યો હતો. કારકિર્દી માર્ગદર્શનના તજજ્ઞ રોજગાર અધિકારી એસ.આર. વિજય વર્ગીયએ સચોટ અને દાખલા દલિલો સાથે જણાવ્યું હતું કે હાલમાં રોજગાર ક્ષેત્રે ગુજરાત રાજ્ય બેનમૂન છે. તેઓએ રોજગાર ક્ષેત્રે ઉપલબ્ધ રોજગારીની સુંદર માહિતી આપી હતી. તેઓએ સરળ ભાષા-શૈલીમાં ચોટદાર અને અનોખુ માર્ગદર્શન પુરૂ પાડ્યુંહતું. પ્રશ્નોત્તરીમાં બાળકોએ રસ દાખવી અનેકવિધ કારકિર્દી-અભ્યાસ સંબંધે પ્રશ્નો કર્યા હતા. જેનો વિજય વર્ગીયએ સરળતાથી સમજ આપી વિદ્યાર્થીઓના દિલ જીતી લીધા હતા. કેરિયર એડવાઈઝર નડીયાદના મિથીલેશ દવેએ ઓડિયો-વિઝ્યુઅલ દ્વારા વિદેશમાં અભ્યાસ માટેની વિવિધ પરીક્ષાઓ-કસોટીઓ IELTS, TOEFL, SAT વગેરેની ખુબ ઉપયોગી માહિતિ આપી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. તેઓએ વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે એક માહિતીસભર ચોપાનિયાનું વિતરણ કર્યું હતું. જે માહિતી પત્રિકાનું સંકલન વિદ્યોત્તેજક મંડળના કન્વીનર પ્રમુખ નરસિંહભાઈ બી. પટેલના સહયોગથી થયું હતું. પ્રારંભમાં તેઓએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે સોળ ગામ લેઉઆ પાટીદાર સમાજ જલસણ, વિદ્યોત્તેજક મંડળ શિક્ષણક્ષેત્રે ઉમદા કામગીરી કરે છે. તેજસ્વી વિદ્યાર્થીઓને માર્ગદર્શન ઉપરાંત સ્કોલરશીપ, લોન અને ઈનામો આપે છે. ૨૧મી સદી જ્ઞાનની સદી છે. શિક્ષણ ક્ષેત્ર અનેક નવી ક્ષિતિજો ખુલી છે, પરિણામે અનેકવિધ ક્ષેત્રોમાં નવી તકો ઉપલબ્ધ બની છે. તેનો યથાયોગ્ય સમુચિત લાભ મળે તે અર્થે મંડળ પ્રયત્નશીલ છે. અતિથિવિશેષ જશભાઈ એમ. પટેલ (જલસણ) હાલ અમેરિકા સ્થિત જીપ્સમ વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓએ વિદ્યોત્તેજક મંડળની પ્રવૃત્તિઓને બીરદાવી હતી. અમેરિકાની કેટલીક જ્ઞાનસભર રસપ્રદ વાતો કરી હતી. પ્રમુખ સ્થાનેથી સમાજના ઉપપ્રમુખ વિઠ્ઠલભાઈ સી. પટેલે સમાજની વિવિધ પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી સહયોગી દાતાઓનો આભાર માની ધન્યવાદ આપ્યા હતા. મંત્રી ચંદ્રકાંત જે. પટેલે આભારવિધિ કરી હતી. આ પ્રસંગે પાંચસોથી વધારે બાળકો ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યો અને શિક્ષકો બહોળા પ્રમાણમાં હાજર રહ્યા હતા. મંડળના સહ કન્વીનર રમણભાઈ અને રસિકભાઈ પટેલે હાજર રહી યોગદાન આપ્યું હતું.

વાડીના મેનેજર જયંતીભાઈએ વ્યવસ્થા સુંદર રીતે કરી હતી. કારોબારી તથા મંડળના સભ્યશ્રીઓએ હાજર રહ્યા હતા. ધર્મજની એચ.એમ. પટેલ ઈંગ્લિશ મીડીયમ સ્કૂલના પ્રિન્સીપાલ મિશ્રાજી-પ્રાયમરી વડા સુશ્રી રેખાબેને હાજર રહી પ્રવૃત્તિને બીરદાવી હતી.

## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં સ્પોર્ટસ ડે ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના લેંકાવાડા ગામે આવેલી ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે તાજેતરમાં સ્પોર્ટસ ડે ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

બાળકોનાં સર્વાંગી વિકાસ માટે રમત જરૂરી છે. અભ્યાસલક્ષી અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની સાથે-સાથે ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં અવનવી સ્પર્ધાઓનું પણ આયોજન થાય છે. જે અંતર્ગત શાળાના કે.જી. થી ધોરણ-૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં શાળા રમતોત્સવ યોજાયો હતો. રમતોત્સવમાં દોડ, ઊંચીકૂદ, લાંબીકૂદ, ગોળાફેંક, કોથળા દોડ, મટકા ફોડ, ચકફેંક, ક્રિકેટ જેવી અનેક રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર સાથે વિજેતા ક્રમ હાંસલ કર્યોહતો. રમતના વિજેતા વિદ્યાર્થીઓને શાળા તરફથી સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

# ...ને પ્રજાસત્તાક દિનની સાંજે હેલીપેડ પાસે આંસુનો દરિયો છલકાયો

**સ્મરણયાત્રા**

...ને સ્મરણયાત્રા બાર વર્ષ પહેલાંનાં આજ દિવસ પર અટકી... સ્મરણ છે એ દશ્યો... સ્મરણ છે એ શબ્દો... સ્મરણ છે એ પાત્રો... પરંતુ પ્રાર્થના એ છે એવો દિવસ ક્યારેય ફરીથી કેલેન્ડરના પાના પર સવાર ન થાય... બરાબર બાર વર્ષ પહેલાં... આજ હેલીપેડ... આજ ગરબા ગ્રાઉન્ડ... આજ ટાઉનહોલ સંકુલ... પ્રજાસત્તાક દિનની પરોઢે રાષ્ટ્રભક્તિના રંગે ઉત્સાહનો માહોલ હતો... બરાબર નવને વીસ મિનિટે હેલીપેડ ગ્રાઉન્ડ પર તત્કાલિન મુખ્યમંત્રી રાષ્ટ્રધ્વજને સલામી આપી સ્વસ્થાને પરત ફરી રહ્યાં હતા, ત્યારે ધરતીનો મોટો આંચકો સમગ્ર સમુહને અનુભવાયો... શું થયું...?! શું થયું...!?! એવી સમજ પડે ના પડે ત્યાં મુખ્યમંત્રી સમારોહ છોડીને નીકળી ગયા... પાછળ અધિકારીઓ પણ નીકળ્યા... સૌના મનમાં થોડી ગૂંચ હતી... થોડી ચિંતા હતી પણ કોઇની પાસે સ્પષ્ટ સમાચાર નહોતા...!

બરાબર આજ સમયે ગાંધીનગરની વિવિધ સાંસ્કૃતિક સંસ્થાઓ ત્રિવદિય નગરોત્સવની ઉજવણીના શુભારંભને આખરી ઓપ આપી રહ્યા હતા. ગીત-સંગીત, નૃત્ય-નાટ્ય-કલા-સાહિત્યના આ પંચમમેળામાં નગર આખું ઓતપ્રોત બનવા તત્પર હતું... અરે...! સવારે ૮-૩૦ કલાકે તો નગરનાં વરિષ્ઠ કલાકાર પ્રકાશ લાલાએ શ્રીફળ વધેરી એકાંકી સ્પર્ધાનો આરંભ પણ કરાવ્યો હતો. નગરનાં ચારે ખૂણેથી શોભાયાત્રાઓ ગરબા ગ્રાઉન્ડ તરફ પ્રસ્થાન કરવાની તૈયારીઓ લગભગ થઇ ચુકી હતી... કલા સાંસ્કૃતિક પ્રવૃતિઓને પોંખવા આતુર હતો. દશેય દિશાઓમાં ભારે ઉત્સાહ હતો... પરંતુ ધરતીકંપના આંચકાનાં સમાચારે સમગ્ર વાતાવરણને બદલી કાઢ્યું... એકાંકી સ્પર્ધા મુલત્વી રખાઇ... શોભાયાત્રાઓને તાત્કાલિક રોકી દેવાઇ... દૂરદર્શન પરથી રક્તદાનની અપીલો... સમગ્ર ભૂકંપની સ્થિતિનો અનુભવ કરાવતી હતી... આખું ગુજરાત ભૂકંપના સમાચારથી ભયભીત બન્યું... સૌના મનમાં ચિંતા જાગી... કોણ... કોને... કેવી... રાહત... પહોંચાડશે તે પણ એક ચિંતાનો વિષય હતો. સરકારી તંત્ર પણ બેબાકળુ બન્યું. સૌના મનમાં ઉચાટ પણ હતો... ગાંધીનગરની સાંસ્કૃતિક સંસ્થાઓની સંકલન સમિતિએ એક જ મિનિટમાં નિર્ણય કર્યો કે નગરોત્સવનો શામિયાણો હવે રાહત છાવણી બનશે. અને નગરોત્સવ ઉજવણી સમિતિએ સંકટ નિવારણ સમિતિ નામ ધારણ કરશે. જે મંચ ઉપર નાટ્ય નૃત્યની અભિવ્યક્તિ થવાની હતી તે મંચ ઉપર રક્તદાન માટે ગાદલા પથરાયા. અને શોભાયાત્રામાં જોડાનાર યુવક-યુવતીઓએ રક્તદાન માટે લાઇન લગાવી. મોડી સાંજ સુધીમાં ૩૦૦ ઉપરાંટ બોટલનું રક્તદાન પ્રાપ્ત થયું અને વી.એસ. હોસ્પિટલમાં રક્તની બોટલો પહોંચાડાઇ.

રોમાંચક વાત તો સાંજે સાત વાગે બની.

જુનિયર ચેમ્બરના પૂર્વ પ્રમુખ અને યુવાન અગ્રણી મુકેશ શુક્લ રડસમ અવાજે આવી ને કહે, "મારા બેન-બનેવી અને સવાસો જેટલા પરિવારો ભૂજમાં ઘરબાર વગરનાં થઇ ગયા છે અને તેઓ ભૂજ છોડીને આ તરફ હિજરત કરી રહ્યાં છે? આ બધાને ક્યાં રાખવા - કેવી રીતે રાખવા અને કેટલો સમય રાખવા...?! મને કંઇ સમજ પડતી નથી..." નાગરિક બેન્કના તત્કાલિન ચેરમેન અશોક વકીલ સહિત નગરના તમામ આગેવાનો એકી અવાજે બોલી ઉઠ્યા "અરે મુકેશભાઇ ચિંતા શું કરો છો?! તમારા બેન-બહેવી એ અમારા બેન-બનેવી છે. અને બધા જ પરિવારો માટે આપણે અહીંયા જ વ્યવસ્થા કરીશું." અને સ્હેજ પણ અતિશયોક્તિ વગર કહવું છે કે માત્ર ત્રણ જ કલાકમાં નગરોત્સવનો આખો મંડપ રાહત છાવણીમાં ફેરવાઇ ગયો!! રહેવા માટે અલગ અલગ ટેન્ટ બનાવાયા... ગાદલા... પલંગ... માટલા... ઘરવખરીની નાની મોટી તમામ વસ્તુઓ ત્યાં હાજર થઇ... બીજી તરફ સુખડી બનાવવાનું ખુબ જ મોટા પાયા પર શરૂ થયું... અને ત્રીજી તરફ આવી રહેલ સવાસો પરિવારો માટે ખીચડી-કઢી અને બટાકાનું શાક તૈયાર થયું. અને આ બધું જ માત્ર અને માત્ર ત્રણ કલાકમાં જ. સાડા દશ વાગે ભૂજથી ગાંધીનગર પહોંચેલા ૧૨૫ પરિવારોને આવકારવા સૌ દરવાજે ઉભા રહ્યાં... મુકેશભાઇએ બધાની ઓળખાણ કરાવી... બધાંની આંખમાં આંસુ... રોકક્કળ હતી... આવનારની આંખમાં આંસુ અને આવકારનારની આંખમાંય આંસુ... આવા હ્રદયદ્રાવક વાતાવરણની વચ્ચે સૌને સ્વસ્થ થવા અપીલ કરાઇ... બધાને જમવા માટે વ્યવસ્થા ગોઠવાઇ... સૌ સ્વસ્થ થયા... જમ્યા અને રાતભર વાતો કરી... ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ની એ રાત આજે પણ ભૂલાતી નથી કે ભુંસાતી નથી. ભૂજના એ પરિવારો જયારે તેના દ્રશ્યોનું વર્ણન કરતાં હતા ત્યારે તેમની આંખમાં આંસુ હતા અને ગાંધીનગરના અમે સૌ સાંભળતાં સાંભળતાં અમારી આંખમાં આંસુ હતા... વહેલી સવારે પાંચ વાગે તારીખ બદલાઇ... વાર બદલાયો... દિવસ બદલાયો.. પણ પ્રશ્નો નહોતા બદલાયા... ચિંતા ન્હોતી બદલાતી... સૌ મક્કમ બન્યા... પ્રકૃતિના પડકારને પોંખવા - ક્ષમતાનું સર્જન કર્યું અને ભૂજના સવાસો પરિવારોને ગાંધીનગરમાં રાખવાનો સંકલ્પ જાહેર કર્યો. એક... બે... કે પાંચ દિવસ નહીં પણ પાંત્રીસ દિવસ સુધી ગરબા ગ્રાઉન્ડ પરના ટેન્ટમાં ભૂકંપગ્રસ્ત એ સવા સો પરિવારોની સેવા કરવાનું સદ્ભાગ્ય ગાંધીનગરના સાંસ્કૃતિ અને સહકારિક કાર્યકરોને સાંપડ્યું છે. તે ઈશ્વરના આર્શિવાદ રૂપ છે. અને પાંત્રીસેય દિવસ રાહત છાવણી સેવા-વૃત્તિ-પ્રવૃત્તિથી મહેંકતી રહી. ૬૦ ટ્રક જેટલી રાહત સામગ્રી ભૂજ મોકલાવાઈ. રાહત છાવણીમાં ભજન સંધ્યાનું આયોજન થયું. રાહત છાવણીમાં સુંદરકાંડના પાઠ યોજાયા. ભૂજથી ભૂકંપ ગ્રસ્ત પરિવારના તારક વોરાના જ શબ્દોમાં કહીએ તો... "સંકટ સમયે કેવી રીતે મદદરૂપ બનવું તે અમને ગાંધીનગરે શીખવ્યું છે. ગાંધીનગરે અમને હથેળીમાં રાખ્યાં હતાં. અમારા તમામ સંકટો એમણે વહોરી અમને સુવિધાઓ આપી હતી". ફેબ્રુઆરીના અંતિમ દિવસે આ તમામ પરિવારોને સેકટર-૨૪ના સરકારી કવાટર્સમાં એનાજ પાણી સાથે ૬ મહિના માટે રહેવાની વ્યવસ્થા ગાંધીનગરની સંસ્થાઓના સંકલનથી કરાયું હતું... આજે બાર-બાર વર્ષના વ્હાણા વાયા છતાંય ભૂજના એ પરિવારો દર ૨૬ જાન્યુઆરીની પૂર્વ સંધ્યાએ પોતાની લાગણીઓ વ્યકત કરવા પત્ર પાઠવે છે... બસ એ જ પત્ર સ્મરણયાત્રાના મુકામ પર લઈ જઈ દ્રશ્યો જીવંત કરે છે. ભગવાન સ્મરણ જરૂર કરાવે પરંતુ પુનઃ દ્રશ્યમાન ન કરે તેની પ્રાર્થના...!

> **"સંકટ સમયે કેવી રીતે મદદરૂપ બનવું તે અમને ગાંધીનગરે શીખવ્યું છે. ગાંધીનગરે અમને હથેળીમાં રાખ્યાં હતાં. અમારા તમામ સંકટો એમણે વહોરી અમને સુવિધાઓ આપી હતી"**